દાખલ તારીખ : ૧૪/૦૮/૧૨
રજી.કર્યા તારીખ : ૧૪/૦૮/૧૨
નિકાલ તારીખ : ૦૨/૦૨/૨૪
**સમય : વર્ષ –માસ–દિવસ**

---

## ગોધરાની શ્રમ અદાલતના પ્રમુખ અધિકારીશ્રી એચ.એ.મકા સાહેબ સમક્ષ.મું.ગોધરા

---

**રેફરન્સ (ટી.)નં.૧૦૪/૨૦૧૨**
**આંક : ૩૯**

**પ્રથમ પક્ષકાર : –** ધી ચેરમેનશ્રી,
ધી કાજળી સેવા સહકારી મંડળી લી.,
મુ.સંઘરી,તા.કડાણા,જી.પંચમહાલ.

**– :: વિરુઘ્ઘ :: –**

**બીજા પક્ષકાર :–** શ્રી મંગળભાઈ ખાતુભાઈ પટેલ
મુ.મંકોડીયા,પો.નશીકપુર,
તા.સંતરામપુર,જી.પંચમહાલ.
C/O ગુજરાત લેબર ફેડરેશન,કાલોલ.

**પ્રતિનિધિત્વ :–**
પ્રથમ પક્ષકાર તરફે :– વિધ્વાન વકીલશ્રી આર.સી.બારીયા
બીજા પક્ષકાર તરફે :– પ્રતિનિધિશ્રી એ.એસ.ભોઈ

---

**વિષય :– ઔધોગિક વિવાદ ધારા ૧૯૪૭ ની કલમ–૧૦(૧)હેઠળ ન્યાય નિર્ણય કરવા બાબત...**

---

**– :: એવોર્ડ ::–**

(૧) આ કામના પક્ષકારો વચ્ચે ઉદભવેલ ઔધોગીક તકરારની ફરીયાદ સંબધે મદદનીશશ્રમ આયુકતશ્રી, ગોધરા તરફથી તેઓના તા.૦૯/૦૮/૨૦૧૨ ના હુકમ નંબર–કે.એચ./એસ.એચ.એમ.સી./ગો./૮૪૦૨ થી અત્રેની મજુર અદાલત,ગોધરાને ન્યાય નિર્ણય અર્થે સુપ્રત કરવામાં આવેલ છે જેની અનુસુચિ નીચે મુજબ છે.

**– :: અનુસુચિ :: –**

**શ્રી મંગળભાઈ ખાતુભાઈ પટેલને તેમની મુળ જગ્યાએ પડેલા દિવસોના પુરેપુરા પગાર સહીત નોકરીમાં પુન:સ્થાપિત કરવા જોઈએ કે કેમ ?**

(૨) આ કામે બીજા પક્ષકારે તેમનું માંગણાનું નિવેદન આંક–૦૫ થી રજુ કરેલ છે જેમાં જણાવેલ છે કે,આ કામના બીજા પક્ષકાર પ્રથમ પક્ષકારની સંસ્થામાં તા.૦૧/૦૫/૧૯૮૯ થી ક્રેડીટ કલાર્ક તરીકે ફરજ ઉપર હાજર થયેલ હતા.બીજા પક્ષકારને ફીકસ માસીક રૂા.૪૮૦૫/–મુજબનો પગાર ચુકવવામાં આવતો હતો. બીજા પક્ષકારને ગેરકાયદેસર રીતે કોઈ પણ વ્યાજબી કારણ સિવાય ગેરહાજરીનુ બહાનુ ઉભુ કરી તા.૦૬/૦૩/૨૦૧૨ ના રોજ પત્રથી નોકરીમાંથી છુટા કરી દીધેલ છે.પ્રથમ પક્ષકારે છુટા કરતા અગાઉ કોઈ નોટીસ,ખાતાકીય તપાસ કે ચાર્જશીટ કરેલ નથી.બીજા પક્ષકારને સાંભળ્યા સિવાય,ખાતાકીય તપાસ કર્યા સિવાય, કોઈ પણ જાતનો નોટીસ પગાર, છટણી વળતર કે કોઈ પણ હકકહિસ્સા ચુકવ્યા સિવાય સીનીયોરીટીનું ઘ્યાન રાખ્યા સિવાય ગેરકાયદેસર રીતે પ્રથમ પક્ષકાર ઘ્વારા છુટા કરી દીધેલ છે.બીજા પક્ષકારે તેમની નોકરી દરમ્યાન દરેક વર્ષમાં ૨૪૦ દિવસ કરતા વધુ દિવસની કામગીરી કરેલ છે. બીજા પક્ષકારને છુટા કર્યા બાદ નોકરીમાં રાખી લેવા વિનંતી કરવા છતાં પ્ર થમ પક્ષકાર ઘ્વારા નોકરીમાં રાખવાનો ઈન્કાર કરેલ અને બીજાપક્ષકારની જગ્યાએ પ્રથમ પક્ષકારે તેમના અંગત વ્યકિતને કામે રાખી હાલ પણ કામગીરી કરાવે છે.બીજા પક્ષકારે નોકરીમાંથી છુટા કરાયા બાદ બીજી જગ્યાએ નોકરી મેળવવાનો સતત પ્રયાસ કરવા છતાં નોકરી મળેલ નથી. બીજા પક્ષકાર હાલ બેરોજગાર છે અને પ્રથમ પક્ષકાર સંસ્થા હાલ કાર્યરત છે જેથી બીજા પક્ષકારને છુટા કરવાનું પ્રથમ પક્ષકારનું પગલુ ગેરકાયદેસર ઠરાવી બીજા પક્ષકારને પડેલા દિવસોના પુરેપુરા પગાર સાથે મુળ જગ્યાએ નોકરીમાં પુન:સ્થાપિત કરવા તથા અરજીનો ખર્ચ અપાવવા અરજ કરેલ છે.

(૩) આ કામે અગાઉ પ્રથમ પક્ષકારને નોટીસ બજવા છતા તેઓ હાજર રહેલ ના હોય તેઓના તમામ સ્ટેજો બંધ કરી આંક–૨૦ થી આ કામે મારા પુરોગામી ન્યાયાધિશશ્રી ઘ્વારા આ કામના બીજા પક્ષકાર ને તેમની નોકરીની મુળ જગ્યાએ પડેલા દિવસોના પગારની અને આનુષાંગિક લાભોની ૫૦% રકમ ચુકવી આપી સળંગ નોકરીથી પુન:સ્થાપીત કરવાનો હુકમ તા.૩૦/૦૧/૨૦૧૮ ના રોજ કરવામાં આવેલ.ઉપરોકત હુકમ થયા બાદ પ્રથમ પક્ષકાર તરફે પરચુરણ અ.નં.૨૭/૨૦૧૮ દાખલ થતા તે ચાલી જતાં મારા પુરોગામી ન્યાયાધીશશ્રી ઘ્વારા ઉપરોકત એકતરફી હુકમ રદ કરી મુળ રેફરન્સ ગુણદોષ પર ફરી ચલાવવા માટે રીસ્ટોરનો હુકમ તા.૦૩/૧૨/૨૦૧૮ ના રોજ હુકમમાં જણાવેલ વિગતે કરવામાં આવેલ.ત્યારબાદ રેફરન્સ કેસ રીસ્ટોર થયા બાદ પણ બીજી વાર પ્રથમ પક્ષકાર તરફે કોઈ હાજર ન રહેતા તેઓના તમામ સ્ટેજો બંધ કરી આંક–૨૮ થી એવોર્ડ જાહેર કરી ઉચ્ચક વળતર આપવાનો હુકમ કરેલ.ત્યારબાદ હુકમ થયા બાદ પ્રથમ પક્ષકાર તરફે પરચુરણ અ.નં.૩/૨૦૨૧ દાખલ થતા તે ચાલી જતાં મારા પુરોગામી ન્યાયાધીશશ્રી ઘ્વારા ઉપરોકત એકતરફી

હુકમ રદ કરી મુળ રેફરન્સ ગુણદોષ પર ફરી ચલાવવા માટે રીસ્ટોરનો હુકમ તા.૦૪/૦૧/૨૦૨૨ ના રોજ હુકમમાં જણાવેલ વિગતે કરવામાં આવેલ જેથી હાલનો રેફરન્સ ફરી ચાલવા પર આવેલ છે.

(૪) બાદ આ કામના પ્રથમ પક્ષકાર ધ્વારા આંક–૩૧ થી તેમનો લેખિત જવાબ રજુ કરેલ છે,જેમાં પ્રથમ પક્ષકારે બીજા પક્ષકારે જણાવેલ તમામ હકીકતોનો ઈન્કાર કરેલો છે. વધુમાં જણાવેલ છે કે બીજા પક્ષકારને અનિયમિત રહેવા બદલ અને ફરજ પ્રત્યે બેદરકાર રહેવા બદલ સંસ્થામાંથી છુટા કરવામાં આવેલા છે. બીજા પક્ષકારને વારંવાર મૌખિક તેમજ લેખિતમાં કામગીરી માટે તથા સંસ્થામાં નિયમિત હાજરી માટે નોટીસ આપવાની જરૂરત ઉભી થયેલ ન હોત અને સંસ્થાને આગળ લાવવા માટેની કોઈ કામગીરી બીજા પક્ષકારે કરેલ નથી જેથી આખરે સંસ્થાએ તેમને ચેતવણી અને નોટીસ આપતા તેઓએ જાતેજ અનિયમિત રહેવાથી તેમને છુટા કરવામાં આવેલા છે.બીજા પક્ષકાર પોતાનો બીજો વ્યવસાયમાં પડેલા હોઈ સંસ્થામાં ગેરહાજર રહેતા હોવાથી ના છુટકે છુટા કરેલ છે.બીજા પક્ષકારે જાતે જ તેમનો ચાર્જ રાજીખુશીથી સેક્રેટરીશ્રીને સુપરત કરેલ છે.બીજા પક્ષકાર પોતાના વ્યવસાયમાં ધ્યાન આપતા ન હોવાથી સંસ્થાની ફરજમાં બેદરકારી ભર્યુ વર્તન કરતા હોવાથી વારંવાર મૌખિક અને લેખિત નોટીસો આપ્યા બાદ છુટા કરવામાં આવેલ હોઈ બીજા પક્ષકારનો રેફરન્સ ખર્ચ સહીત રદ કરવા હુકમ કરવા અરજ કરેલ છે.

(૫) આ કામના બીજા પક્ષકાર તરફે પોતાનો કેસ પુરવાર કરવા માટે નીચે મુજબના મૌખિક પુરાવા રજુ કરેલા છે.

| **અનુ.નં..** | **મૌખિક પુરાવો..** | **આંક..** |
|---|---|---|
| (૧) | બીજા પક્ષકાર મંગળભાઈ ખાતુભાઈ પટેલની– સરતપાસના સોગંદનામા ઉપરની જુબાની. | ૦૮ |

આ કામના બીજા પક્ષકારે આંક–૩૪ થી પોતાનો પુરાવો પુરો થયાનુ જાહેર કરતી પુરસીસ રજુ કરેલ છે.

(૬) આ કામના પ્રથમ પક્ષકાર તરફે પોતાનો કેસ પુરવાર કરવા માટે નીચે મુજબના મૌખીક તથા દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલા છે.

| **અનુ.નં..** | **મૌખિક પુરાવો..** | **આંક..** |
|---|---|---|
| (૧) | સાહેદ હરીશભાલ દળાયભાઈ પટેલની સરતપાસના સોગંદનામા ઉપરની જુબાની. | ૩૭ |

| **અનુ.નં..** | **દસ્તાવેજી પુરાવો..** | **આંક..** |
|---|---|---|
| (૧) | બીજા પક્ષકારને છુટા કરવા માટે મોકલેલ પત્રની નકલ. | નિ.૩૨/૧ |

| | | |
|---|---|---|
| (૨) | બીજા પક્ષકારે ચાર્જ સુપરત કરેલ પત્રની નકલ. | નિ.૩૨/૨ |
| (૩) | બીજા પક્ષકારની પગાર અનામતની જમા રકમ આપવા બાબતના પત્રની નકલ. | નિ.૩૨/૩ |
| (૪) | બીજા પક્ષકાર અનિયમિત રહેતા હોવા અંગેના ઠરાવ નં.૨ ની નકલ. | નિ.૩૨/૪ |
| (૫) | બીજા પક્ષકારે કરેલ લાપરવાહી અંગેના ઠરાવનં.૩ ની નકલ. | નિ.૩૨/૫ |
| (૬) | બીજા પક્ષકારની અસંતોષકારક કામગીરી અંગે કરેલ ઠરાવ ની નકલ. | નિ.૩૨/૬ |
| (૭) | બીજા પક્ષકારને અનિયમિત રહેવા અંગે કરેલ ઠરાવનં.૬ ની નકલ. | નિ.૩૨/૭ |
| (૮) | મેનેજીંગ કમીટીમાં કપાત પગાર અંગેના કરેલ ઠરાવનં.૭ ની નકલ. | નિ.૩૨/૮ |
| (૯) | બીજા પક્ષકારે નિષ્કાળજી દાખવતા તે અંગે કરેલ ઠરાવ નં.૮ ની નકલ. | નિ.૩૨/૯ |
| (૧૦) | બીજા પક્ષકારને પુન:સ્થાપિત નહી કરવા અંગેના ઠરાવ નં.૯ ની નકલ. | નિ.૩૨/૧૦ |
| (૧૧) | ધી પંચમહાલ ડીસ્ટ્રીકટ કો.ઓ.બેંક લી. ધ્વારા પટાવાળા તથા કે.કલાર્કને છુટા કરવા બાબતે આપેલ પત્રની નકલ. | નિ.૩૨/૧૧ |

આ કામના પ્રથમ પક્ષકારે આંક-૩૮ થી પોતાનો પુરાવો પુરો થયાનુ જાહેર કરતી પુરસીસ રજુ કરેલ છે.

(૭) આ કામના બીજા પક્ષકારે તરફે તેઓના પ્રતિનિધિશ્રી દવારા મૌખીક દલીલ કરેલ છે જેમાં તેઓએ જણાવેલ છે કે,આ કામના બીજા પક્ષકાર દવારા સંસ્થામાં સળંગ નોકરી કરેલ હોવા છતા કોઈ પણ વ્યાજબી કારણો વગર નોટીસ નોટીસ પગાર કે છટણી વળતર આપ્યાં વગર તેમજ કોઈ પણ જાતની ખાતાકીય તપાસ કર્યા વગર બીજા પક્ષકાર ગેરહાજર રહેતા હોય તેમજ તેઓની કામગીરી સંતોષકારક ના હોય તેવા ગેરકાયદેસર કારણોસર તેઓને છુટા કરી દીધેલ છે,આ કામના પ્રથમ પક્ષકાર દવારા નોકરીમાં ગેરહાજર રહેવા માટે કોઈ નોટીસ આપેલ નથી કે આવા કોઈ આધાર રજુ કરેલ નથી,અને આ રીતે તેઓને કાયદાની જોગવાઈ વિરૂધ્ધમાં ગેરકાયદેસર રીતે છુટા કરેલ હોય તેઓનો

રેફરન્સ મંજુર થવા પાત્ર થાય છે,વધુમાં આ કામના પ્રથમ પક્ષકારની બેદરકારી તથા ઈરાદાપુર્વકની ગેરહાજરીના કારણે અગાઉ બે વાર રેફરન્સનો એવોર્ડ થયેલ હોવા છતા ત્રીજી વાર તેનો નિર્ણય કરવાની જરૂરીયાત થયેલ હોય અને આ સમય વિતવાને કારણે બીજા પક્ષકારની ઉંમર ૬૦ વર્ષની થઈ ગયેલ હોય પુન:સ્થાપિત થઈ શકે તેમ ના હોય તેઓને મહતમ વળતર ચુકવવાનો હુકમ કરવા અરજ કરેલ છે.

આ કામના પ્રથમ પક્ષકાર કે તેઓના વકીલશ્રી દવારા મૌખીક દલીલ કરવા માટે હાજર રહેલ ના હોય તેઓની દલીલનો હકક બંધ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૮) આ કામે રેકર્ડ ઘ્યાને લેતાં,માંગણાનું નિવેદન તથા જવાબ ઘ્યાને લેતાં આ કામના નિર્ણય માટે તથા મદદનીશશ્રમ આયુકતશ્રી,ગોધરાએ કરેલ રેફરન્સના મુખ્ય મુદ્દો કે બીજા પક્ષકારને તેમની મુળ જગ્યાએ પડેલા દિવસોના પુરેપુરા પગાર સહીત નોકરીમાં પુન:સ્થાપિત કરવા જોઈએ કે કેમ ? તેના નીર્ણય માટે મારી સમક્ષ નીચેના મુદ્દાઓ ઉપસ્થીત થયેલ છે.

**-:: મુદ્દા ::-**

(૧) શુ બીજા પક્ષકાર પુરવાર કરે છે કે,તેઓ પ્રથમ પક્ષકાર સંસ્થામાં ફરજ બજાવતા હતા અને તેઓનો કામદારની વ્યાખ્યામાં સમાવેશ થાય છે ?

(૨) શું બીજા પક્ષકાર પુરવાર કરે છે કે,તેઓને પ્રથમ પક્ષકાર ઘ્વારા નોકરીમાંથી છુટા કરેલ છે ?

(૩) શું બીજા પક્ષકાર પુરવાર કરે છે કે,તેમણે પ્રથમ પક્ષકાર સંસ્થામાં કાયદાની કલમ-૨૫(બી)મુજબ સળંગ નોકરી કરેલી છે ?

(૪) શું બીજા પક્ષકાર પુરવાર કરે છે કે,તેઓનો પ્રથમ પક્ષકાર ઘ્વારા ગેરકાયદેસર રીતે છુટા કરવામાં આવેલ છે ?

(૫) શું બીજા પક્ષકાર માંગણાના નિવેદનમાં માંગ્યા મુજબ નોકરીમાં પુન:સ્થાપિત થવા તથા પડેલા દિવસોના પગાર મેળવવા અથવા યોગ્ય વળતર મેળવવા હકકદાર છે ?

(૬) શું હુકમ ?

(૯) ઉપરોકત મુદ્દાઓના નિર્ણય નીચે મુજબ છે.

**-:: નિર્ણય ::-**

(૧) હકારમાં.

(૨) હકારમાં.

(૩) હકારમાં.

(૪) હકારમાં.

(૫) અંશત:હકારમાં

(૬) આખરી હુકમ મુજબ.

(૧૦) ઉપરોકત મુધ્દાઓના નિર્ણયોના કારણો નીચે મુજબ છે.

**-: કારણો:-**

(૧૧) મુધ્દાનં.૧::-

આ કામના બીજા પક્ષકાર દવારા રજુ કરેલ પુરાવો જોતા આ કામે બીજા પક્ષકાર ધ્વારા તેમના માંગણા ના નિવેદનમાં તેઓ દવારા બીજા પક્ષકાર પ્રથમ પક્ષકારની સંસ્થામાં તા.૦૧/૦૫/૧૯૮૯ થી ક્રેડીટ કલાર્ક તરીકે ફરજ ઉપર હાજર થયેલ અને તેઓને ફીકસ માસીક રૂા.૪૮૦૫/-મુજબનો પગાર ચુકવવામાં આવતો હોવાની હકીકત જણાવેલ છે,જયારે આ કામના પ્રથમ પક્ષકાર દવારા આ કામના બીજા પક્ષકાર તેઓના કામદાર નહી હોવાનો સ્પસ્ટ બચાવ તેઓના જવાબમાં લીધેલ નથી,વધુમાં આ કામના બીજા પક્ષકાર દવારા પણ પોતાની માંગણા નિવેદનની હકકીતને સમર્થનકારી મૌખીક પુરાવો આપેલ છે,અને આ કામના પ્રથમ પક્ષકાર તરફે રજુ થયેલ આંક-૩ર ના લીસ્ટથી રજુ કરેલ દસ્તાવેજો જોતા પણ બીજા પક્ષકાર સંસ્થામાં ક્રેડીટ કલાર્ક તરીકે કામગીરી કરતા હોવાનું રેકર્ડ પર આવેલ છે અને આ કામના બીજા પક્ષકારની ઉલટતપાસમાં પણ વિરૂધ્ધની કોઈ હકીકત રેકર્ડ પર આવેલ નથી જયારે પ્રથમ પક્ષકાર તરફે કોઈ પુરાવો આપેલ નથી તેવા સંજોગોમાં બીજા પક્ષકાર સંસ્થામાં સેક્રેટરી તરીકે કામગીરી કરતા હોવાનું પુરવાર થાય છે,વધુમાં બીજા પક્ષકારની ક્રેડીટ કલાર્ક તરીકેની કામગીરી જોતા તેઓ મેનેજમેન્ટ કે,સુપરવાઈઝરી કે, એડમીનીસ્ટ્રેશન પ્રકારની કામગીરી કરતા ના હોઈ તેમજ આવી કોઈ તકરાર પણ પ્રથમ પક્ષકાર દવારા લેવામાં આવેલ ના હોય તે સંજોગો માં કાયદાની કલમ.**2(S)** ધ્યાને લેતાં બીજા પક્ષકારનો ઔધોગિક વિવાદ ધારા મુજબ કામદારની વ્યાખ્યામાં સમાવેશ થાય છે તથા ઉપર જણાવ્યા મુજબ બીજા પક્ષકાર પ્રથમ પક્ષકારની સંસ્થામાં ક્રેડીટ કલાર્ક તરીકે કામગીરી કરેલ હોય તેઓનો કામદારની વ્યાખ્યામાં સમાવેશ થાય છે તેમ સાબીત કરવામાં સફળ રહેલ હોય મુધ્દાનં.૧ નો નિર્ણય હકારમાં આપવામાં આવે છે.

(૧૧) મુધ્દાનં.ર ::-

આ કામના બીજા પક્ષકાર દવારા તેઓને આ કામના પ્રથમ પક્ષકાર દવારા ગેરકાયદેસર રીતે કોઈ પણ વ્યાજબી કારણ સિવાય ગેરહાજરીનું બહાનુ ઉભુ કરી તા.૦૬/૦૩/ર૦૧ર ના રોજ પત્રથી નોકરીમાંથી છુટા કરી દીધેલ હોવાનું જણાવે છે જેનો આ કામના પ્રથમ પક્ષકાર દવારા ઈન્કાર કરેલ નથી પરંતું તેઓ

દવારા બીજા પક્ષકાર કામગીરીમાં નિયમીત આવતા ના હોય તેઓને મંડળી દવારા ઠરાવ કરીને તા.૦૬/૦૩/૨૦૧૨ ના રોજથી છુટા કરેલ હોવાનું જણાવેલ છે,આમ પ્રથમ પક્ષકાર દવારા બીજા પક્ષકારને છુટા નહી કરેલ હોવાનો કોઈ બચાવ લીધેલ નથી અને છુટા કરેલ હોવાનો સ્વીકાર કરેલ છે તેવા સંજોગોમાં આ કામના બીજા પક્ષકારને પ્રથમ પક્ષકાર દવારા છુટા કરેલ હોવાનું પુરવાર થતુ ના હોય મુદાનં.૨ નો નિર્ણય હકારમાં આપવામાં આવે છે.

(૧૨) મુધ્દાનં.૩ ::-

આ કામે બીજા પક્ષકાર ધ્વારા તેમના માંગણા નિવેદન તથા પુરાવા સોગંદનામામાં જણાવ્યા મુજબ તેઓ પ્રથમ પક્ષકાર સંસ્થામાં તેઓ તા.૦૧/૦૫/૧૯૮૯ થી ક્રેડીટ કલાર્ક તરીકે ફરજ બજાવતા હતા તેમ છતા તેઓને ગેરકાયદેસર રીતે અનિયમીત હોવાના ઉભા કરેલ કારણોસર તા.૦૬/૦૩/૨૦૧૨ ના રોજ ના રોજથી છુટા કરેલ હોવાની હકીકત જણાવેલ છે અને આ હકીકતને સમર્થનકારી મૌખીક પુરાવો તેઓ દવારા આપવામાં આવેલ છે જો કે,પ્રથમ પક્ષકાર દવારા બીજા પક્ષકાર તેઓની સંસ્થામાં સને.૧૯૮૯ થી નોકરી કરતા હોવાની હકીકત ગેરવ્યાજબી અને તેઓને માન્ય ના હોવાની તકરાર પોતાના લેખીત જવાબમાં લીધેલ છે પરંતુ બીજા પક્ષકાર દવારા સંસ્થામાં સળંગ નોકરી કરેલ ના હોવાની કોઈ સ્પસ્ટ તકરાર લીધેલ નથી કે આ કામે તેઓ દવારા બીજા પક્ષકાર સને.૧૯૮૯ માં નોકરી કરતા ના હોય કે તેઓ આ સમય બાદમાં સંસ્થામાં નોકરી લાગેલ હોય તેવો કોઈ આધાર,પુરાવો કે દસ્તાવેજ આ કામે રજુ કરેલ નથી,તેમજ બીજા પક્ષકારની ઉલટતપાસમાં પણ સંસ્થા તરફે તેઓની તરફેણમાં કે બીજા પક્ષકારની વિરૂધ્ધમાં કોઈ બાબત રેકર્ડ પર લાવી શકાયેલ નથી,વધુમાં આ કામના પ્રથમ પક્ષકાર દવારા રજુ કરવામાં આવેલ જવાબમાં તેઓ દવારા આ કામના બીજા પક્ષકારને ઠરાવ કરીને તા.૦૬/૦૩/૨૦૧૨ ના રોજ છુટા કરેલ હોવાનું જણાવેલ છે,આમ આ બાબત ધ્યાને લેતા બીજા પક્ષકાર દવારા સને.૧૯૮૯ થી તા.૦૬/૦૩/૨૦૧૨ ના રોજ સુધી સંસ્થામાં કામગીરીમાં હોવાનું તો માની શકાય તેમ જ છે તેવા સંજોગોમાં આઈ.ડી.એકટની કલમ-૨૫(બી)માં આપવામાં આવેલ 'સળંગ નોકરી' ની વ્યાખ્યા વંચાણે લેતા,હાલના કેસમાં તો બીજા પક્ષકાર દવારા ૧ વર્ષ કરતા વધારે સમય સુધી કામગીરી કરેલ હોવાનો પુરાવો આપેલ છે જેને પ્રથમ પક્ષકાર દવારા પડકારવામાં આવેલ ના હોય કે બીજા પક્ષકાર દવારા છુટા કર્યાના અગાઉના ૧૨ માસ દરમ્યાન ૨૪૦ દિવસથી ઓછા નહી તેટલા દિવસની કામગીરી નહી કરેલ હોવાનો કોઈ પુરાવો રેકર્ડ પર લાવી શકેલ નથી જે સંજોગોમાં સને.૧૯૮૯ થી તા.૦૬/૦૩/૨૦૧૨ સુધીનો સમયગાળો ધ્યાને લેતા બીજા પક્ષકાર દવારા પ્રથમ પક્ષકાર સંસ્થામાં કાયદાની કલમ-૨૫(બી)મુજબ સળંગ નોકરી કરેલી હોવાનું પુરવાર કરવામાં સફળ રહેલ હોય મુદ્દા નં.૩ નો નિર્ણય હકારમાં આપવામાં આવે છે.

(૧૩) મુધ્દાનં.૪ ::-

આ કામે બીજા પક્ષકાર ધ્વારા તેમના માંગણાના નિવેદન તથા પુરાવાના સોગંદનામામાં જણાવ્યા મુજબ પ્રથમ પક્ષકારે તેઓને કોઈ પણ જાતની નોટીસ આપ્યા સિવાય,નોટીસ વળતર આપ્યા સિવાય,કે કોઈ પણ તપાસ કર્યા સિવાય તેમને ગેરકાયદેસર રીતે છુટા કરવામાં આવેલ,બીજા પક્ષકારની સોગંદ ઉપરની આ હકીકત વિરૂધ્ધની કોઈ હકીકત પ્રથમ પક્ષકાર તરફે ઉલટતપાસ દરમ્યાન રેકર્ડ પર આવેલ નથી,પ્રથમ પક્ષકાર ધ્વારા તેમના જવાબમાં પણ બીજા પક્ષકારને કોઈ નોટીસ, નોટીસ વળતર આપેલ હોય કે ઈન્કવાયરી કરેલ હોય તેમ જણાવેલ નથી,બીજા પક્ષકાર ધ્વારા સોગંદ પર જણાવેલ હકીકતનું ખંડન કરવા પ્રથમ પક્ષકાર ધ્વારા નોટીસ વળતર કે કોઈ પણ ઈન્કવાયરી કરેલ હોય તેવો મૌખિક પુરાવા કે દસ્તાવેજી પુરાવો રજુ કરેલ નથી કે પ્રથમ પક્ષકારનો તેવો કેસ નથી,પ્રથમ પક્ષકાર તરફે નોટીસ કે છટણી વળતર આપ્યા અંગેનો પુરાવો પણ રજુ થયેલ નથી તેમજ પ્રથમ પક્ષકાર દવારા પણ હાજર રહીને તેઓ દવારા બીજા પક્ષકારને કોઈ નોટીસ, નોટીસ પગાર કે છટણી વળતર આપેલ હોવાનો કોઈ પુરાવો રેકર્ડ પર લાવેલ નથી,જો કે પ્રથમ પક્ષકાર દવારા પોતાના જવાબમાં,મૌખીક પુરાવામાં બીજા પક્ષકાર દવારા બીજા પક્ષકાર સંસ્થામાં અનનિયમીત હોય તેના કારણે સંસ્થાને નુકસાન થતુ હોય તેઓને ઠરાવ કરીને છુટા કરેલ હોવાનો બચાવ લીધેલ છે, જે હકીકત રેકર્ડ ઉપર લાવવા તેઓ દવારા આંક-૩૫ ના લીસ્ટથી દસ્તાવેજો રજુ કરેલ છે જેમાં મંડળી દવારા કરવામાં આવેલ ઠરાવોની નકલો રજુ કરવામાં આવેલ છે જેમાં બીજા પક્ષકાર નિયમીત આવતા ના હોય તેમજ ધિરાણની રકમ વસુલ આવતી ના હોય તેઓને છુટા કરવામાં આવેલ હતા તે જણાઈ આવે છે પરંતું આ ઠરાવો વંચાણે લેતા તેમાં બીજા પક્ષકારને નોકરીમાં હાજર થવા માટે અથવા તો ગેરહાજરી બાબતે કોઈ નોટીસ આપવામાં આવેલ હોય,આવી કોઈ નોટીસની બજવણી તેઓને કરવામાં આવેલ હોય તેવો કોઈ આધાર રજુ કરવામાં આવેલ નથી તેમજ આવી કોઈ કાર્યવાહી નહી કરેલ હોવાનું પ્રથમ પક્ષકારના સાહેદ દવારા સ્વીકારેલ છે તેમજ છુટા કરતા સમયે પણ માત્ર ઠરાવની જાણ કરીને તેઓને છુટા કરવામાં આવેલ છે,વધુમાં એક વાર દલીલ ખાતર માની લેવા માં આવે કે બીજા પક્ષકાર સંસ્થામાં ગેરહાજર રહેતા હતા તો પણ તેઓને આ બાબતે કોઈ નોટીસ કે જાણ કરવામાં આવેલ હોવાનું રેકર્ડ પર આવેલ નથી જેથી બીજા પક્ષકાર દવારા નોકરીમાંથી ગેરહાજર રહેલ હતા તો પણ ખાતાકીય તપાસ કર્યા વગર કે બીજા પક્ષકારને બચાવની કોઈ તક આપ્યાં વગર તેઓને છુટા કરવાનું પ્રથમ પક્ષકાર સંસ્થાનું કૃત્ય વ્યાજબી ઠેરવી શકાય નહી,આ સીવાય અગાઉ મુદા નં.૩ માં ચર્ચા કર્યા મુજબ બીજા પક્ષકારે પ્રથમ પક્ષકાર સંસ્થામાં કાયદાની કલમ-૨૫ (બી) મુજબ સળંગ નોકરી કરેલી હોઈ,તે સંજોગોમાં પ્રથમ પક્ષકારે બીજા પક્ષકાર ને ઔદ્યોગિક વિવાદ

ધારાની કલમ–૨૫(એફ)ની આવશ્યક જોગવાઈનું પાલન કર્યા સિવાય છુટા કરેલા હોય તે રીતે બીજા પક્ષકારને ગેરકાયદેસર છુટા કરેલ છે તે સંજોગોમાં બીજા પક્ષકારે તેઓને પ્રથમ પક્ષકાર ધ્વારા ગેરકાયદેસર રીતે છુટા કરવામાં આવેલ હોવાનું સાબીત કરવામાં સફળ રહેલ હોય મુધ્દા નં.૪ નો નિર્ણય હકારમાં આપવામાં આવે છે.

(૧૪) મુધ્દાનં.૫ ::–

ઉપરોકત ચર્ચા કર્યા મુજબ બીજા પક્ષકાર ધ્વારા છુટા કર્યાના અગાઉના વર્ષ દરમ્યાન કાયદાની કલમ–૨૫(બી) મુજબ સળંગ નોકરી કરેલી હોય તેમજ બીજા પક્ષકારને કાયદાની કલમ–૨૫(એફ)ની આવશ્યક જોગવાઈ નો ભંગ કરી ગેરકાયદેસર છુટા કરેલ હોય તે સંજોગોમાં હાલના કેસની હકીકતો ધ્યાને લેતા આ કામના બીજા પક્ષકાર તરફે તેઓને સંસ્થા દવારા ગેરકાયદેસર રીતે છુટા કરી દીધેલ હોય તેઓને પડેલ દિવસો ના પુરા પગાર સાથે સળંગ નોકરીમાં પુન:સ્થાપીત કરવાની દાદ મંજુર કરવા અરજ કરેલ છે તે સંજોગોમાં બીજા પક્ષકાર તેઓના માંગણા નિવેદનમાં માંગ્યાં મુજબની દાદ મેળવવા હકદાર થાય છે કે કેમ તે નકકી કરવાનું રહે છે.આ કામે અગાઉ મજુર અદાલત દવારા બે વાર તા.૩૦/૦૧/૧૮ તથા તા.૦૫/૦૧/૨૧ ના રોજ પ્રથમ પક્ષકારની ગેરહાજરી તથા પુરાવો રજુ કરવાની કસુર ના કારણે તેઓની ગેરહાજરીમાં એવોર્ડ જાહેર કરેલ હતો બાદ હાલનો રેફરન્સ ત્રીજી વાર ચાલવા ઉપર આવેલ છે જેમાં પ્રથમ પક્ષકાર દવારા પોતાનો જવાબ રજુ કરેલ છે અને બીજા પક્ષકારની ઉલટતપાસ કરેલ છે,તેવા સંજોગોમાં આ અદાલતને હાલના રેફરન્સનો નિર્ણય પ્રથમ પક્ષકારની એક માત્ર ગેરહાજરીના કારણે ત્રીજી વાર કરવાની ફરજ પડેલ છે અને આ તમામ કાર્યવાહીમાં ગયેલ સમયને કારણે બીજા પક્ષકારની ઉમર ૬૦ વર્ષથી ઉપરની થઈ ગયેલ હોવાનું જણાય છે તેવા સંજોગોમાં આ કામના બીજા પક્ષકારને નોકરીમાં પુન:સ્થાપીત કરવાનો પ્રશ્ન નકકી કરવાનો રહેતો નથી જેથી પુન:સ્થાપિત કરવાને બદલે હવે બીજા પક્ષકાર પ્રથમ પક્ષકાર પાસેથી તેઓને ગેરકાયદેસરીતે છુટા કરેલ હોય કેટલું વ્યાજબી ઉચ્ચક વળતર મેળવવા હકદાર થાય છે તે નકકી કરવાનું રહે છે.આ સંજોગો મા બીજા પક્ષકારને કેટલુ વળતર અપાવવું જોઈએ તે સંદર્ભે હાલના કેસની હકીકતો ધ્યાને લેતા,બીજા પક્ષકારે તેઓને છુટા કર્યા બાદ અન્ય જગ્યાએ નોકરી શોધવા પ્રયત્ન કરેલ હોય તે બતાવતો કોઈ આધારભુત મૌખીક કે દસ્તાવેજી પુરાવો આ કામે રજુ કરેલ નથી તે ધ્યાને લેતા તેમજ અગાઉ જણાવ્યા મુજબ બીજા પક્ષકારની ઉમર થઈ ગયેલ હોય તેઓને બીજુ એવા પ્રકારનું કામ મળી શકવાની શકયતા પણ નહીવત જણાય છે.બીજા પક્ષકાર દવારા તા.૦૧/૦૫/૧૯૮૯ થી તા.૦૬/૦૩/૨૦૧૨ સુધી કામગીરી કરેલ છે જેમાં તેઓને માસીક રૂા.૪૮૦૦/–પગાર આપતા હોવાનું પ્રથમ પક્ષકાર દવારા રજુ કરેલ દસ્તાવેજો દવારા રેકર્ડ ઉપર આવેલ છે જેથી બીજા પક્ષકારનો રોજનો રૂા.૪૮૦૦/–પગાર

વળતરના હેતુ માટે માનવા લાયક જણાય છે,તે સંજોગોમાં બીજા પક્ષકારે આશરે બાવીસ વર્ષ સુધી પ્રથમ પક્ષકાર સંસ્થામાં નોકરી કરેલ હોવાની હકીકત ધ્યાને લેતા,તેમજ બીજા પક્ષકારની નોકરીનો અંત ૧૨ વર્ષ પહેલા આવેલ હોઈ,સદરહું ૧૨ વર્ષ દરમ્યાન એડમીટેડલી બીજા પક્ષકારે પ્રથમ પક્ષકાર સંસ્થામાં કોઈ કામગીરી કરેલ નથી તેમજ આટલા લાંબા સમય સુધી બીજા પક્ષકાર કોઈ આવક મેળવ્યા સિવાય બેસી રહેલ હોય તેવું માનવાને કોઈ કારણ જણાતું નથી,બીજા પક્ષકારને માસીક રૂા.૪ ૮૦૦/−ના પગાર આધારે આશરે વાર્ષિક આવક ધ્યાને લેતાં સાથે બીજા પક્ષકારે પ્રથમ પક્ષકાર સંસ્થામાં કરેલ કામગીરી ના સમયની જણાવેલ હકીકત ધ્યાને લેતા બીજા પક્ષકારને આ સમય દરમ્યાનું ઉચ્ચક વળતર અપાવવાનું ન્યાયોચીત જણાય છે,વધુમાં આ કામના પ્રથમ પક્ષકારની કસુર તેમજ નિષ્કાળજી તેમજ ઈરાદપુર્વક ની ગેરહાજરીને કારણે બીજા પક્ષકારે એક કરતા વધારે એટલે કે,ત્રણ વખત હાલના કેસને ચલાવવો પડેલ છે તેમજ પરચુરણ અરજીના કામે પણ બીજા પક્ષકારે કોઈ પણ જાતના વાંક ગુન્હા વગર કોર્ટ કાર્યવાહીમાં શારીરીક તેમજ આર્થીક રીતે ઢસડાવું પડેલ છે આ તમામ બાબતો સાથે કેસના સંજોગો જોતા બીજા પક્ષકાર ને રેફરન્સના ખર્ચની વ્યાજબી કરતા વધારે મહતમ રકમ પ્રથમ પક્ષકાર પાસેથી અપાવવી વ્યાજબી જણાય છે જેથી હાલનો રેફરન્સ આ રીતે અંશત:મંજુર કરવામાં આવે તો ન્યાયનું હિત જળવાય તેમ હોય બીજા પક્ષકાર માંગણાના નિવેદનમાં માંગ્યા મુજબ નોકરીમાં પુન:સ્થાપિત થવા તથા પડેલા દિવસોના પગાર મેળવવા હકદાર થતા ના હોય પરંતું યોગ્ય ઉચ્ચક વળતર મેળવવા હકકદાર થતા હોય તે મુજબ મુદ્દાનં.૫ નો જવાબ તે રીતે અંશત: હકારમાં આપવામાં આવે છે.

(૧૬) મુદ્દાનં.૬ ::−

ઉપરોકત તમામ મુદાનં.૧ થી ૫ ના નિર્ણયો તથા કારણો ધ્યાને લેતા મુદ્દા નં.૬ અન્વયે ન્યાયના વિશાળ હીતમાં નીચે મુજબ આખરી હુકમ કરવામાં આવે છે.

**−:: હુ ક મ ::−**

(૧) આ કામના બીજા પક્ષકારનો હાલનો રેફરન્સ આથી અંશત: મંજુર કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આ કામના પ્રથમ પક્ષકારનું બીજા પક્ષકારને નોકરીમાંથી છુટા કરવાનું કૃત્ય ગેરકાયદેસર ઠરાવવામાં આવે છે.

(૩) આ કામના પ્રથમ પક્ષકારે બીજા પક્ષકારને તેમની મુળ જગ્યાએ,સળંગ નોકરીથી,નોકરીમાં પુન:સ્થાપિત કરવાના બદલે મળવાપાત્ર તમામ હકક−હીસ્સા પેટે ઉચ્ચક કુલ રકમ

**રૂા.૧,૭૫,૦૦૦/–(અંકે રૂપીયા એક લાખ પંચોતેર હજાર પુરા)**ચુકવવા તેવો હુકમ કરવામાં આવે છે.

(૪) આ કામના પ્રથમ પક્ષકારે બીજા પક્ષકારને આ રેફરન્સના ખર્ચના રકમ **રૂા.૫૦,૦૦૦/– (અંકે રૂપીયા પચાસ હજાર પુરા)** ચુકવવા તેવો હુકમ કરવામાં આવે છે.

(૫) હાલનો રેફરન્સ/એવોર્ડ મદદનીશ શ્રમ આયુકતશ્રી,ગોધરાને પ્રસિધ્ધી માટે મોકલી આપવાનો હુકમ કરવામાં આવે છે.

(૬) આ હુકમનો અમલ એવોર્ડ પ્રસિધ્ધ થયેથી દિન–૩૦ માં કરવાનો રહેશે.

(૭) મદદનીશ શ્રમ આયુકતશ્રી,ગોધરા તરફથી એવોર્ડની નકલ પ્રસિધ્ધ થઈને આવેથી અધિક્ષકશ્રી,લેબર કોર્ટ ગોધરાને તાત્કાલીક નકલ આપવા બાબતે મજુર અદાલત(પધ્ધતિ અને કાર્યરીતી) નિયમો.૧૯૪૭ના નિયમ.૩૨ ની જોગવાઈ અનુંસારની કાર્યવાહી કરવાનો હુકમ કરવામાં આવે છે.

**સ્થળ : ગોધરા**
**તા.૦૨/૦૨/૨૦૨૪**

**(હીતેશકુમાર અમરભાઈ મકા)**
**પ્રમુખ અધિકારી**
**મજુર અદાલત,ગોધરા.**
**GJ01459**